नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

# श्रुतसंविभाग – ५

February, 2017 મહા, ૨૦૭૩

## સાધુતા અને સ્વાધ્યાય

સાધુતા અને સ્વાધ્યાય – બન્ને સહચર છે. એક હોય ત્યાં બીજું હોય જ. એક્કેયને એકબીજા વગર ચાલે નહિ.

બીજી રીતે એમ કહેવાય કે સ્વાધ્યાય આપણામાં સાધુતા પ્રેરે છે. સાધુ થવું એ થોડીક ક્રિયા, થોડાક તપ અને ત્યાગનું પરિણામ છે; પરંતુ સાધુતા પ્રગટવી-વિકસવી તે તો સ્વાધ્યાયના ગજાનું જ કામ!

સ્વાધ્યાયના અનેક લાભો શાસ્ત્રો વર્ણવે છે અને તે યથાર્થ જ છે. પરંતુ મારી નજરે બે લાભ કંઈક આવા પણ થાય છે :

→ સ્વાધ્યાયી કોઈનાથીયે અભિભૂત ન થાય, હા, પ્રભાવિત થાય.

→ સ્વાધ્યાયી અનુમોદના કરે, ખુશામત નહિ.

સામાન્યતઃ એવું જોવા મળે છે કે આપણે 'કોઈક'થી અભિભૂત થઈ જઈએ છીએ. ક્વચિત્ એમની વાતો સારી અને સાચી કે ઉપકારક કે બોધપ્રદ હોય તો આનંદ પામીએ, પ્રભાવિત થઈએ, તે તો ઉચિત જ ગણાય. પરંતુ આપણે તેથી આગળ વધીને તેમનાથી-તેમની વાતોથી અભિભૂત થવા લાગીએ છીએ. આ સ્થિતિ જરા જોખમી છે.

'કોઈક'થી અભિભૂત થવું એટલે તેઓ જ્યારે જે કહે તેને સાચું માનવું; તેને જ સાચું માનવું અને તે સિવાયની કે તેમનાથી જુદી વાત સાચી ન જ હોય એમ માનવું. અભિભૂત થવું એટલે તેઓ જે કહે, જે કરે, તે સર્વને શાસ્ત્રીય માનવું, અને પછી તેને જ અનુસરવું; પણ પોતાના બુદ્ધિતત્ત્વનો કે વિચારશીલતાનો ઉપયોગ કરીને ગોળ-ખોળનો વિવેક કરવાનો નહિ. અભિભૂત થનારા હમેશાં આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે, અને પછી 'કોઈક'ના માનસિક કે બૌદ્ધિક આશ્રિત બની જાય છે. પછી તેઓ તે 'કોઈક'ની અનુમોદના કરવાને બદલે લગભગ ખુશામત કરતાં થઈ જાય છે.

અભિભૂત થનારા લોકો, 'કોઈક' કહે છે તેનાથી જુદું પણ કશુંક હોઈ શકે છે તેવું વિચારવાનું સામર્થ્ય ખોઈ બેસે છે. બલ્કે તેઓ કહે તે જ સાચું અને શાસ્ત્રમતિનું હોય તેવી અંધશ્રદ્ધાનો ભોગ બની જાય છે. આનું સીધું પરિણામ એ આવે કે તેવા લોકો સામાની સ્વમતિ-આધારિત વાતને પણ શાસ્ત્રમતિ-આધારિત ગણીને ચાલે છે, અને પોતાના ક્ષયોપશમને કુંઠિત કરી મૂકે છે – પોતાના ક્ષયોપશમનો ઉઘાડ થવાની શક્યતાને નષ્ટ કરી મૂકે છે.

**श्रुतसंविभाग** એ આપણને, આપણા ઉગતા-ઉછરતા નાના મુનિવરોને 'પરમુખપ્રેક્ષી' બનવામાંથી બચાવવા માટેનો એક આછેરો પ્રયાસમાત્ર છે. આપણે મુનિવરોને કહેવું છે કે તમે સ્વયં અખૂટ શક્યતાના સ્વામી છો. તમારી પાસે પણ ક્ષયોપશમનું, વિચારોનું, બુદ્ધિનું જબ્બર સામર્થ્ય છે. એ સામર્થ્યને ઉઘાડો! પોતાની સંભાવનાઓને નજરઅંદાજ કરવાનું છોડી દો! ઉઘાડ થશે તો 'કોઈક' દ્વારા, શાસ્ત્રોને નામે, આપણે ગેરમાર્ગે અટવાતા-દોરવાતા બચી શકીશું, અને ખોટી વાતો, અર્થઘટનો, પ્રતિપાદનો – બધાંને કારણે આવી પડતાં ઉત્સૂત્રસેવનના દોષમાંથી પણ ઉગરીશું.

સ્વાધ્યાયની વૃદ્ધિ અને સાતત્ય એ જ આ બધી વાતોનો આધાર છે.

સ્વાધ્યાય મધ્યસ્થ બનાવશે, અભિભૂત નહિ બનવા દે.

સ્વાધ્યાય ક્ષયોપશમ વિકસાવશે, કુંઠા દૂર કરશે.

અસ્તુ.

**- વિજયશીલચન્દ્રસૂરિ**

## कीदृशो नीलवर्णः ?

वयं प्रत्यहं प्रतिक्रमणे स्तवनान्ते 'वरकनक' इति स्तुतिं वदामो गायामो वा । तत्र चतुर्विंशतेरपि जिनानां वर्णा वर्णिताः सन्ति । तत्र तीर्थकराणां पञ्चैव वर्णाः संभवन्ति । कनकात् पीतः, शङ्खात् श्वेतः, विद्रुमाद् रक्तः, मरकताद् नीलः, घनाच्च कृष्णवर्ण – इति वर्णान् वयं गृह्णीमः ।

अत्र प्रश्नोऽयमुदेति यद् नीलवर्णः कः? पार्श्व-मल्ली नीलवर्णाविति प्रसिद्धमेव । तौ वयं हरितवर्णौ भावयामः । एवमुपाध्यायमपि वयं हरितवर्णं भावयामः । परं नील-हरितयोरस्ति कश्चित् प्रतिविशेषः । यतो नीलवर्णो गगनवर्णतुल्यो मयूरकण्ठतुल्यो वा । हरितवर्णश्च शूकपक्षतुल्यः ।

अस्मद्दृष्ट्या पार्श्व-मल्ली जिनौ उपाध्यायो वा इमे नीलवर्णास्तन्नाम मयूरकण्ठवर्णीया एवाऽवधातव्याः । यतः कृष्णादिलेश्यासु नीललेश्यां वयं तादृशवर्णामेवाऽवगच्छामः ।

वैज्ञानिकदृष्ट्याऽपि रक्त-पीत-नील इति वर्णत्रयमेव मौलम् । हरिताद्या अन्ये वर्णास्तु मिश्रणजन्या एव । नील-पीतवर्णयोर्मिश्रणाद् हरितवर्ण उत्पद्यते इति तु प्रत्यक्षमेव ।

अतः पार्श्वनाथ-मल्लिनाथोपाध्यायादीनां वर्णो नीलवर्ण एव भवतु । अत्र हरितवर्णेन कथं प्रविष्टमिति सम्यग् नाऽवबुध्यते । कदाचिद् 'नील-लीला' इति शब्दसाम्याद् द्वावपि वर्णावर्थाभेदरूपेण जनमानसे स्थितौ स्याताम् ।

किञ्च, अस्मत्पृष्टेन केनचिद् रात्निकेनोक्तमासीद् यद् मरकतमणिराधुनिकव्यवहारे 'नीलम्' इति कथ्यते । तस्य च वर्णो मयूरकण्ठसदृशो भवतीति स्मर्यते ।

आश्चर्यं नाम पार्श्वनाथस्तु क्वचिद् नीलवर्णीयो दृश्येताऽपि, परमुपाध्यायस्तु हरितवर्णीय एव दृश्यते !

- **मुनिः श्रीमुक्तितिलकविजयः** (श्रीकलापूर्णसूरि-समुदायः)

* * *

## સુપાર્શ્વનાથ પ્રભુના દેહનો વર્ણ કયો ?

"સોળે જિન કંચન સમા" એવી પ્રરૂપણાઓને આધારે સુપાર્શ્વનાથ પ્રભુના દેહનો વર્ણ કંચન સરીખો હોવાનું આપણે સમજીએ છીએ. પણ *ચઉપ્પન્નમહાપુરિસચરિયં* (સં. - *પં. અમૃતલાલ મોહનલાલ ભોજક*, પ્ર. - *પ્રાકૃત ગ્રંથ પરિષદ્)* માં તેમના દેહનો વર્ણ શ્યામ જણાવાયો છે -

जहुत्तविहारेण य विहरिऊण पियंगुतरुच्छायाए <u>पियंगुमंजरीसामदेहो</u> णवमासे छउमत्थभाव-मणुवालिऊण फग्गुणबहुलछट्ठीए दिव्वं णाणं संपत्तो ।।

- **મુનિ શ્રીજ્ઞાનરુચિવિજયજી** (શ્રીૐકારસૂરિજી-સમુદાય)

* * *

## અઇમુત્તા મુનિવરને કેવલજ્ઞાનની પ્રાપ્તિ ક્યારે થઇ?

અઇમુત્તા મુનિવરને પાત્રાની નાવડી તરાવ્યા પછી ઈર્યાપથિકી ક્રિયા કરતાં કેવલજ્ઞાન પ્રાપ્ત થયું એમ આપણી પ્રચલિત માન્યતા છે. પણ *આત્મપ્રબોધ* માં ત્યારબાદ ઘણા સમય પછી તેમને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ હોવાનું અને તેઓ અન્તકૃત્ કેવલી થયાનું જણાવાયું છે -

ततोऽतिमुक्तकमुनिरपि तत्पापस्थानमालोच्य विविधतपश्चर्यादिना संयमं सम्यगाराध्य प्रान्तेऽन्तकृत्केवलीभूय सिद्धिं जगाम । अयं सम्बन्धोऽन्तकृद्दशा-भगवत्यङ्गाद्यनुसारेणोक्तः ।

- **મુનિ શ્રીજ્ઞાનરુચિવિજયજી** (શ્રીૐકારસૂરિજી-સમુદાય)

* * *

## સગર ચક્રવર્તીની માતાને કેટલાં સ્વપ્ન?

ચક્રવર્તી ગર્ભમાં આવે ત્યારે તેમની માતા ૧૪ સ્વપ્ન જુએ એમ અનેક ગ્રંથોમાં જણાવાયું છે. પણ *ચઉપ્પન્નમહાપુરુસચરિયં* માં સગર ચક્રવર્તી ગર્ભમાં આવ્યા ત્યારે તેમની માતા વિજયવતી રાણીએ ફક્ત સિંહકિશોર મુખમાં પ્રવેશે છે તેવું એક જ સ્વપ્ન જોયું હતું એવી વાત જણાવાઇ છે -

अण्णया विजयवतीए रयणीए चरिमजामम्मि दिट्ठो सीहकिसोरो वयणेणोअरं पविसंतो ।

**- મુનિ શ્રીજ્ઞાનરુચિવિજયજી** (શ્રીૐકારસૂરિજી-સમુદાય)

* * *

## रुद्दाओ सुयसमुद्दाओ કે रुंदाओ सुयसमुद्दाओ ? (સ્વાધ્યાય કરતાં જડેલું)

સં. ૨૦૭૨ના સંમેલન દરમિયાન એક આચાર્યશ્રીએ જણાવેલ કે જીવવિચારની છેલ્લી ગાથામાં रुद्दाओ सुयसमुद्दाओ બોલાય છે તે બરાબર નથી, અર્થસંગત પણ નથી. કારણ કે रुद्दનો રૌદ્ર-ભયંકર એવો અર્થ થાય. આ અર્થ શ્રુતસમુદ્ર સાથે ન જોડી શકાય. તેની જગ્યાએ रुंद શબ્દ અર્થસંગત જણાય છે. કારણ કે रुंद એટલે વિસ્તીર્ણ. આ અર્થ શ્રુતસમુદ્ર સાથે બરાબર સંગત થાય છે. હમણાં *પંચવસ્તુવૃત્તિ* ના વાચન દરમિયાન તેના સમાપનમાં છેલ્લી ૧૭૧૩મી ગાથા અને તેની વૃત્તિમાં પણ આવો જ પાઠ વાંચવા મળ્યો. આ ગાથામાં रुद्दसुयसमुद्दाओ એવું પદ છે. અને તેની વૃત્તિમાં रुद्रश्रुतसमुद्रात्- विस्तीर्णात् श्रुतोदधेः આ પ્રમાણે અર્થ કર્યો છે. એટલે रुद्द શબ્દનો પણ વિસ્તીર્ણ અર્થ થાય છે. અને આ અર્થ શ્રુતસમુદ્ર સાથે સંગત પણ થાય છે. એટલે અર્થસંગતિ માટે શબ્દાન્તર કલ્પવાની જરૂર નથી લાગતી. એ જ રીતે *જીવવિચાર*-પ્રકરણની *શ્રીરત્નાકરવિજયજી* રચિત વૃતિમાં પણ रुद्राद्- अनवगाहविस्तारात् એમ જ અર્થ છે. એટલે શબ્દકોશોમાં रुद्द શબ્દનો વિસ્તીર્ણ અર્થ ન મળતો હોવા છતાં, જૈન પરંપરામાં रुद्द શબ્દ વિસ્તીર્ણ અર્થમાં પ્રયોજાતો હશે એમ માની શકાય. *પંચવસ્તુ* ની મૂળ ગાથા અને તેની વૃત્તિ આ પ્રમાણે છે –

इअ पंचवत्थुगमिणं उद्धरिअं रुद्दसुअसमुद्दाओ । आयाणुसरणत्थं भवविरहं इच्छमाणेणं ।।

इअ- एवमुक्तेन प्रकारेण पञ्चवस्तुकमिदमुक्तलक्षणमुद्धृतं- व्यवस्थापितं रुद्रश्रुतसमुद्रात्- विस्तीर्णात् श्रुतोदधेः... ।

**– મુનિ શ્રીશીલચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## ઉપકરણ કે અધિકરણ ? (સ્વાધ્યાય કરતાં જડેલું)

जं वट्टइ उवगारि उवगरणं तं च होइ उवगरणं । अइरित्तं अहिगरणं अजओ अजअं परिहरंतो ।।

જે સંયમમાં ઉપકાર કરે તે ઉપકરણ કહેવાય. વધારાના ઉપકરણને અજયણાવાળો સાધુ વાપરે તો તે અધિકરણ કહેવાય. આના પરથી સમજાય છે કે સંયમમાં ઉપકારક રજોહરણાદિ ઉપકરણને પણ જો સાધુ અજયણાપૂર્વક વાપરે તો તે અધિકરણ બની જાય છે. અને બાહ્યથી સંયમના ઉપકારક તરીકે ન જણાતું અધિકરણ પણ જો જયણાપૂર્વક વાપરવામાં આવે તો તે ઉપકરણ જ બને છે. આમ મુખ્યતયા જયણા ઉપર જ ભાર મૂકવામાં આવ્યો છે.

**- મુનિ શ્રીપરમયશવિજયજી** (શ્રીૐકારસૂરિજી-સમુદાય)

* * *

## આચાર્યપદ-યોગ્ય પુરુષરત્નનાં લક્ષણો (સ્વાધ્યાય કરતાં જડેલું)

મુનિ ***શ્રીતારકચંદ્રસાગરજી*** એ (શ્રીસાગરજી મહારાજ-સમુદાય) **શ્રુતસંવિભાગ** માં પ્રકાશનાર્થે *સંવેગરંગશાળા* ગ્રંથમાં ગાથા ક્રમાંક – ૪૧૭૮ થી ૪૨૦૬ માં વર્ણિત આચાર્યપદ-યોગ્ય પુરુષરત્નનાં લક્ષણો ગુજરાતી અનુવાદ સહિત લખી મોકલ્યાં છે. આ લક્ષણોની કુલ સંખ્યા ૧૦૦ ઉપર થવા જાય છે. આચાર્યપદ એ કેટલી ગરિમાપૂર્ણ અવસ્થા છે અને આ પદ સાથે સંકળાયેલું ઉત્તરદાયિત્વ પણ કેટલું મહત્ત્વપૂર્ણ છે તે આ ઉપરથી સુપેરે સમજી શકાય છે. આ વાત ઘણી પ્રસિદ્ધ હોવાથી અત્રે તે પ્રગટ કરી નથી. પણ જિજ્ઞાસુ મુનિવરો મૂળ સંદર્ભ અવલોકી શકે છે. મુનિ *શ્રીતારકચંદ્રસાગરજી* ને આ પરિશ્રમ બદલ ધન્યવાદ ઘટે છે.

# આયંબિલમાં મોણ નાંખેલા લોટના રોટલી-રોટલા કલ્પે ?

શ્રમણવર્ગમાં આયંબિલમાં (અને ઘી-વિગઈનું મૂળથી પ્રત્યાખ્યાન હોય તો પણ) જેમાં મોણ નાંખ્યું હોય એવા લોટમાંથી બનાવેલા રોટલી-રોટલા, જો ઉપરથી ઘી ન ચોપડ્યું હોય તો, ગ્રહણ કરવાની પ્રથા છે. ગૃહસ્થો પ્રાયઃ મોણ નાંખેલા લોટના જ રોટલી-રોટલા વાપરતા હોય છે. એટલે આવા રોટલી-રોટલા, જો ગૃહસ્થોએ પોતાના માટે જ તૈયાર કર્યા હોય અથવા તીર્થસ્થળ વગેરેની ભોજનશાળા, જેમાં ગૃહસ્થો માટે જ રસોઈ તૈયાર કરવામાં આવે છે તેમાં, બનાવવામાં આવ્યા હોય તો, એ આધાકર્મી ન હોવાથી, શ્રમણ-શ્રમણી ભગવંતોને કલ્પી શકે એમ માનવામાં આવે છે. ખાસ કરીને આવાં દ્રવ્યોથી આયંબિલ કરનારા મુનિવરો પોતાને 'નિર્દોષ ગોચરીના ખપી' તરીકે ઓળખાવતાં હોય છે.

આમાં ઘણીવાર બને છે એવું કે, આયંબિલશાળામાં ગૃહસ્થો માટે જ બનાવેલા મોણ વગરના રોટલી-રોટલા મળી શકે તેમ હોય તો પણ, શ્રમણ-શ્રમણી ભગવંતો ગૃહસ્થોના ઘરેથી જ મોણ નાંખેલા લોટના રોટલી-રોટલા લેવાનો આગ્રહ રાખે છે. જેમાં એક કારણ જીભની અનુકૂળતા પણ હોઇ શકે. જો કે, ગૃહસ્થોને 'જો આપણે આવાં દ્રવ્યોનો ખપ કરીશું' એમ પહેલેથી ખ્યાલ હોય તો, આધાકર્મના દોષને પણ આમાં ટાળી શકાતો નથી હોતો. તદુપરાંત, આવાં દ્રવ્યોમાં આધાકર્મનો દોષ કદાચ ન હોય તો પણ, ઔદ્દેશિક, અધ્યવપૂરક, સ્થાપના વગેરે દોષો તો મહદંશે હોવાનું જોવા મળે છે. એટલે એક તરફ ત્યાગવૃત્તિને બદલે રસવૃત્તિ પોષાય છે. તો બીજી તરફ નિર્દોષતાનો ભ્રામક ખ્યાલ પણ ચાલુ રહે છે.

એક ચોખવટ એ થવી જોઇએ કે પિંડવિશુદ્ધિની વિચારણા અંતર્ગત નિર્દોષ કે દોષિતની વિચારણા ફક્ત કલ્પ્ય દ્રવ્યો અંગે જ કરવાની હોય છે. જે દ્રવ્ય ન જ કલ્પે તેમ હોય તે દ્રવ્ય બીજી રીતે નિર્દોષ જણાતું હોય તો પણ નથી જ લેવાનું હોતું. એની અકલ્પ્યતા એ જ મોટો દોષ ગણાય છે. પણ, છેલ્લા કેટલાક સમયથી 'નિર્દોષ ગોચરી'ની વાતોથી ભ્રમિત અમુક મુનિવરો 'દોષિત કલ્પ્ય' અને 'નિર્દોષ અકલ્પ્ય' એવા ભેદો પાડતાં અને દોષિત કલ્પ્ય લેવા કરતાં નિર્દોષ અકલ્પ્ય લેવું વધારે સારું એમ માનતાં અને જણાવતાં થયા છે. વાસ્તવમાં અકલ્પ્ય એટલે જ દોષિત- ન કલ્પે તેવું દ્રવ્ય. પછી એ કાયમ માટે અકલ્પ્ય પણ હોય અને તે તે તપવિશેષને અનુલક્ષીને પણ અકલ્પ્ય હોય. એની અકલ્પ્યતા એ જ એનો મોટો દોષ ગણાય. એ ન જ ખપે. પણ, હવે અમુક શ્રમણવર્ગમાં, ગમે તેવી અભક્ષ્ય ચીજો પણ, એ ગૃહસ્થો માટે બનાવવામાં આવી છે એ એક કારણથી જ, વહોરવાનું શરુ થયું છે. જાણે આધાકર્મ સિવાય કોઇ દોષ જોવાનું જ બિનજરૂરી હોય!

ખેર, આપણી મૂળ ચર્ચા એ છે કે ગૃહસ્થો માટે જ બનાવેલા, મોણ નાંખેલા લોટના રોટલી-રોટલા, અન્ય રીતે દૂષિત ન હોય તો પણ, શ્રમણવર્ગને આયંબિલના તપમાં કલ્પે કે કેમ? શાસ્ત્રમર્યાદાના પરિપ્રેક્ષ્યમાં તો ન કલ્પે એમ જણાય છે. કેમ કે આયંબિલના પચ્ચક્ખાણમાં જે ૮ આગારોની છૂટ આપવામાં આવી છે તેમાં ક્યાંય આવી છૂટ મળતી નથી દેખાતી.

વિગઈના પચ્ચક્ખાણમાં કુલ ૯ આગાર હોય છે. એમાં अन्नत्थाभोगेणं, सहसागारेणं, पारिट्ठावणियागारेणं, महत्तरागारेणं અને सव्वसमाहिवत्तियागारेणं એ પાંચ આગાર તો સામાન્ય છે. એટલે પ્રસ્તુત મુદ્દા સાથે સંબંધિત મુખ્ય આગાર તો ચાર જ છે – लेवालेवेणं, गिहत्थसंसट्ठेणं, उक्खित्तविवेगेणं અને पडुच्चमक्खिएणं. આ ચાર આગારોનો *આવશ્યકચૂર્ણિ* માં આ પ્રમાણે અર્થ જણાવાયો છે –

<u>पडुच्चमक्खियं</u> णाम अंगुलीहिं गहाय मक्खेति तेल्लेण वा घएण वा थोवएणं ताहे निव्वीतकस्स कप्पति, धाराए स वीगई भवति ।

<u>लेवालेवे</u> जदि भायणेणं पुव्वं लेवाडं गहियं जा समुद्दिट्ठं संलिहियं, जति तेणं आणेति ण भज्जति ।

<u>उक्खित्तविवेगो</u> जं आयंबिले पडति विगतिमादि तं उक्खिवित्ता परिट्ठाविज्जति य णवरि गलिओ, अण्णं वा आयंबिलअप्पाओगं जदि उद्धरितुं तीरति, उद्धरिएणं ण हम्मति ।

<u>गिहत्थसंसट्ठे</u> णाम जदि गिहत्थडोयलियभायणं वा लेवालेवाडं कूसणादीहिं तेण जदि ईसिवि लेवादीहिं देति ण भज्जति, जदि बहुरसो आलिखिज्जति बहुतो ताहे ण कप्पति ।

આ આગારોનો આવો જ અર્થ *પ્રવચનસારોદ્ધારવૃત્તિ, પચ્ચક્ખાણભાષ્ય* વગેરે અનેક સ્થળે વર્ણવાયો છે. આમાં કોઈ ઠેકાણે મોણ નાંખેલા લોટના રોટલી-રોટલાની છૂટ મળતી તો નથી જ દેખાતી. પરંતુ, पडुच्चमक्खियं ના અર્થમાં નીવીના પ્રત્યાખ્યાનમાં પણ धाराए स वीगई भवति એ શબ્દોથી ઘી અથવા તેલની ધાર કરી હોય તો પચ્ચક્ખાણનો ભંગ ગણ્યો છે. તો આયંબિલના પ્રત્યાખ્યાનમાં તો તેવાં દ્રવ્યો કલ્પે જ કઇ રીતે? વળી, આયંબિલમાં તો पडुच्चमक्खियं એ આગાર છે જ નહિ. એટલે એમાં તો લૂવાને તેલ અથવા ઘીથી ચોપડેલા હાથ વડે સહેજ મસળ્યા હોય તો તેવા રોટલી-રોટલા પણ નથી જ લેવાના. તેથી આયંબિલમાં તો મોણની છૂટ મળવાનો પ્રશ્ન જ નથી ઊઠતો.

અલબત્ત, *હીરપ્રશ્ન* માં (૩.૫૭) નીચે મુજબ પ્રશ્નોત્તર છે –

कुत्रचिद् देशे तैलादिनाऽङ्गुलीभिः कणिक्कापिण्डं म्रक्षयित्वा त्राद्याः क्रियन्ते, ता आचामाम्लप्रत्याख्याने यतीनां कल्पन्ते न वा? अत्रोत्तरम् – कल्पन्ते ।

એટલે આના આધારે આયંબિલમાં લૂવાને તેલ-ઘીવાળી આંગળીથી મસળ્યા હોય તો તેવા રોટલી-રોટલા લેવામાં બાધ નથી જણાતો. પણ મોણ નાંખેલા લોટના, પછી એ મોણ ગૃહસ્થે પોતાના માટે નાંખ્યું હોય તો પણ એના, રોટલી-રોટલા આયંબિલમાં લેવાની છૂટ, *હીરપ્રશ્ન* ના આ સમાધાનના આધારે, કેવી રીતે મળે તે પ્રશ્ન ઊભો જ રહે છે.

શાસ્ત્રપાઠોના આધારે આ ચર્ચાને આગળ વધારવા વિનંતિ છે. – **ત્રૈ.મં.**

* * *

# અવ્યવહારરાશિ-વ્યવહારરાશિ અંગે થોડોક વિમર્શ

સંસારી જીવો અવ્યવહારરાશિ અને વ્યવહારરાશિ એમ બે વિભાગમાં વિભાજિત થાય છે અને તેમાં અનાદિકાલીન સૂક્ષ્મનિગોદ 'અવ્યવહારરાશિ' તરીકે ઓળખાય છે એમ આપણે સૌ સમજીએ છીએ. પણ બાદરનિગોદ વ્યવહારરાશિ-અંતર્ગત ગણાય કે અવ્યવહારરાશિ-અંતર્ગત તે અંગે ક્યારેક થોડીક મૂંઝવણ થાય છે. શાસ્ત્રપાઠો આ બન્ને મતની પુષ્ટિ કરતાં જણાય છે. તેથી વ્યવહાર-અવ્યવહારરાશિ અને બાદરનિગોદનો તેમાં સમાવેશ એ અંગે અહીં થોડોક વિમર્શ પ્રસ્તુત કર્યો છે. પૂજ્ય મહોપાધ્યાયશ્રી *યશોવિજયજી* રચિત *ધર્મપરીક્ષા*-ગત આ વિષય પરની ચર્ચાને મુખ્ય આધાર બનાવીને આ વિમર્શ કર્યો છે. આ ચર્ચા ઘણી વિસ્તૃત છે અને તેની અંતર્ગત અન્ય ચર્ચા પણ આવે છે. તેથી તેનો સંક્ષિપ્ત સાર અત્રે સરળ શૈલીએ રજૂ કર્યો છે. અને તેમાં અન્ય સંદર્ભો પણ જોડ્યા છે.

*ધર્મપરીક્ષા* અંતર્ગત આ વિષયની ચર્ચામાં પહેલાં પૂર્વપક્ષ તરફથી 'બાદરનિગોદ અવ્યવહારરાશિ-અંતર્ગત છે' એ મતની સમર્થક દલીલો અને શાસ્ત્રપાઠો રજૂ થયા છે અને એના ઉત્તરપક્ષમાં *ઉપાધ્યાયજી ભગવંતે* તે-તે દલીલોની અપાર્થકતા અને શાસ્ત્રપાઠોનું તાત્પર્ય સ્પષ્ટ કરીને તેમ જ પુષ્કળ નવા શાસ્ત્રપાઠો આપીને 'બાદરનિગોદ વ્યવહારરાશિ છે' તે સિદ્ધ કરી આપ્યું છે.

<u>બાદરનિગોદ અવ્યવહારરાશિ-અંતર્ગત છે - પૂર્વપક્ષ</u>

બાદરનિગોદ(-બાદર સાધારણ વનસ્પતિકાય)ને અવ્યવહારરાશિ-અંતર્ગત ગણાવતા આચાર્યોએ સ્વમતના સમર્થનમાં દર્શાવેલા તર્કો નીચે મુજબ છે –

૧. અત્યાર સુધીમાં મોક્ષે ગયેલા જીવોની સંખ્યા એક નિગોદના અનંતમા ભાગ જેટલી જ છે –

जइआ होही पुच्छा, जिणाणमग्गम्मि उत्तरं तइआ । इक्कस्स निगोयस्स, अणंतभागो उ सिद्धिगओ ।।

વળી, *વિશેષ-ણવતિ* પ્રકરણની ૬૦ મી ગાથા -

सिज्झंति जत्तिआ किर, इह संववहारजीवरासीओ । जंति अणाइवणस्सइ-रासिओ तत्तिआ तम्मि ।।

એ ગાથાના આધારે જેટલા જીવ મોક્ષે જાય એટલા જ જીવ અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવે છે એમ નક્કી થાય છે. એટલે વ્યવહારરાશિની સંખ્યા સ્થિર રહે, વધ-ઘટ ન થાય, અને સિદ્ધોની સંખ્યા સતત વધતી રહે છે. તેથી સિદ્ધોની સંખ્યા વ્યવહારરાશિ કરતાં અનંતગુણ થાય તે સ્વાભાવિક છે. હવે આપણે જો બાદરનિગોદને વ્યવહારરાશિમાં ગણીએ તો, વ્યવહારરાશિના એક ભાગરૂપ બાદરનિગોદ કરતાં સિદ્ધો અનંતગુણ જ સિદ્ધ થાય.

બીજી તરફ, *પ્રજ્ઞાપનાસૂત્ર* ના પદ – ૩ માં આવું અલ્પ-બહુત્વ જણાવાયું છે –

एएसिं णं भंते! जीवाणं सुहुमाणं बायराणं णोसुहुमाणं णोबायराणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वथोवा जीवा णोसुहुमा णोबायरा, बायरा अणंतगुणा, सुहुमा असंखेज्जगुणा ।।

આ પાઠની *મલયગિરીયા* વૃત્તિ -

सर्वस्तोका जीवा णोसुहुमा णोबायरा सिद्धा इत्यर्थः, तेषां सूक्ष्मजीवराशेर्बादरजीवराशेश्चाऽनन्त-भागकल्पत्वात् । <u>तेभ्यो बादरा अनन्तगुणाः</u>, बादरनिगोदजीवानां सिद्धेभ्योऽनन्तगुणत्वात् । तेभ्यश्च सूक्ष्मा असङ्ख्येयगुणाः, बादरनिगोदजीवेभ्यः सूक्ष्मनिगोदजीवानामसङ्ख्येयगुणत्वात् ।।

આમાં સ્પષ્ટપણે બાદરનિગોદને સિદ્ધરાશિ કરતાં અનંતગુણ જણાવી છે. પરંતુ હમણાં આપણે જોયું તેમ, બાદરનિગોદને વ્યવહારરાશિ-અંતર્ગત ગણવા જતાં, વ્યવહારરાશિ કરતાં અનંતગુણ સિદ્ધરાશિ, વ્યવહારરાશિના એક ભાગરૂપ

બાદરનિગોદ કરતાં અનંતગુણ જ સિદ્ધ થશે. જેનો *પ્રજ્ઞાપનાસૂત્ર* ના પાઠ સાથે સ્પષ્ટ વિરોધ આવે છે. આ વિરોધના નિવારણ માટે બાદરનિગોદને અવ્યવહારરાશિરૂપ જ સમજવી જોઇએ.

૨. *પ્રજ્ઞાપનાસૂત્ર* ના ઉપરોક્ત પાઠમાં બાદરનિગોદ કરતાં સૂક્ષ્મનિગોદને અસંખ્યગુણ જણાવી છે. પરંતુ ફક્ત સૂક્ષ્મનિગોદને જ અવ્યવહારરાશિ-અંતર્ગત ગણીએ અને બાદરનિગોદને વ્યવહારરાશિ-અંતર્ગત જ સમજીએ તો, પૂર્વે જોયું તેમ, વ્યવહારરાશિ એક નિગોદના પણ અનંતમા ભાગ જેટલી જ હોવાથી, વ્યવહારરાશિ-અંતર્ગત બાદરનિગોદ કરતાં સૂક્ષ્મનિગોદ અનંતગુણ જ સિદ્ધ થશે. આ રીતે પણ *પ્રજ્ઞાપનાસૂત્ર* ના પાઠ સાથે વિરોધ જ આવવાનો છે, જેને નિવારવા માટે પણ બાદરનિગોદને અવ્યવહારરાશિ-અંતર્ગત સમજવી અનિવાર્ય છે.

૩. શાસ્ત્રપાઠો પણ સ્પષ્ટપણે બાદરનિગોદને અવ્યવહારરાશિ-અંતર્ગત જ જણાવે છે. જુઓ –

इह द्विविधा जीवाः – सांव्यवहारिका असांव्यवहारिकाश्च । तत्र <u>ये निगोदावस्थात उद्वृत्य पृथिवीकायिकादि-भवेषु वर्तन्ते, ते लोकेषु दृष्टिपथमागताः सन्तः पृथिवीकायिकादिव्यवहारमनुपतन्तीति सांव्यवहारिका उच्यन्ते</u> । ते च यद्यपि भूयोऽपि निगोदावस्थामुपयान्ति, तथाऽपि ते सांव्यवहारिका एव, संव्यवहारे पतितत्वात् । ये पुनरनादिकालादारभ्य निगोदावस्थामुपगता एवाऽवतिष्ठन्ते ते व्यवहारपथातीतत्वादसांव्यवहारिकाः ।। (*પ્રજ્ઞાપના-વૃત્તિ)*

આ પાઠનો અનુવાદ - "જીવો બે પ્રકારના છે – સાંવ્યવહારિક અને અસાંવ્યવહારિક. તેમાં જે જીવો નિગોદ-અવસ્થામાંથી બહાર નીકળીને પૃથ્વીકાયાદિ ભેદોમાં આવે છે અને લોકની નજરમાં આવીને 'આ પૃથ્વીકાય છે' વગેરે વ્યવહારનો વિષય બને છે તે સાંવ્યવહારિક કહેવાય છે. આ જીવો જો પુનઃ નિગોદ-અવસ્થા પ્રાપ્ત કરે તો પણ તેઓએ એકવાર સાંવ્યવહારિકપણું પ્રાપ્ત કર્યું હોવાથી તેઓ સાંવ્યવહારિક જ ગણાય છે. અને જે જીવો અનાદિકાળથી નિગોદમાં જ પડ્યા છે તે લોકવ્યવહારનો વિષય બનતા ન હોવાથી અસાંવ્યવહારિક કહેવાય છે."

આમ *પ્રજ્ઞાપનાવૃત્તિ* ના આ પાઠમાં સ્પષ્ટપણે પૃથ્વીકાયાદિ-જીવો સિવાયની તમામ નિગોદને (બાદર કે સૂક્ષ્મ એવા વિભાગીકરણ વગર) અવ્યવહારરાશિ જ ગણી છે.

એ જ રીતે *સંગ્રહણીવૃત્તિ* ના –

एते च निगोदे वर्तमाना जीवा द्विधाः – सांव्यवहारिका असांव्यवहारिकाश्च । तत्र <u>ये सांव्यवहारिकास्ते निगोदेभ्य उद्वृत्य शेषजीवराशिमध्ये समुत्पद्यन्ते</u> । तेभ्य उद्वृत्य केचिद् भूयोऽपि निगोदमध्ये समागच्छन्ति । तत्राऽप्युत्कर्षत आवलिकाऽसङ्ख्येयभागगतसमयप्रमाणान् पुद्गलपरावर्तान् स्थित्वा भूयोऽपि शेषजीवमध्येषु समागच्छन्ति । एवं भूयो भूयः सांव्यवहारिका जीवा गत्यागतीः कुर्वन्ति ।।

એ પાઠમાં પણ નિગોદ સિવાયની શેષજીવરાશિને જ વ્યવહારરાશિ ગણી છે. મૂળ અવ્યવહારરાશિ તરીકે સંપૂર્ણ નિગોદ જ લેવાનું આ પાઠ પરથી સ્પષ્ટ જણાય છે.

વળી, *વિશેષાવશ્યક-મહાભાષ્ય* ની "सव्वजीवेहि सुयं" એ ગાથાની વૃત્તિમાં *મલધારી શ્રીહેમચંદ્રસૂરિજી* મહારાજે પણ –

संसारस्था अपि द्विविधाः - संव्यवहारराशिगता असंव्यवहारराशिगताश्च । तत्र <u>संव्यवहारराशिगतैः सर्वैरपि जीवैः सामान्येनाऽक्षरात्मकं श्रुतं स्पृष्टम्</u>, द्वीन्द्रियादिभावस्य सर्वैरपि तैः स्पृष्टत्वात्, तत्र च सामान्यश्रुतसद्भावात् । संव्यवहारराशिगतविशेषणं चेह पूर्वटीकाकारैः कृतमिति नाऽस्माकं स्वमनीषिका सम्भवतीति ।

એમ જણાવીને બાદરનિગોદને અવ્યવહારરાશિ-અંતર્ગત ગણવાનો જ સંકેત કર્યો છે. કેમ કે 'વ્યવહારરાશિગત સર્વજીવો દ્વારા અક્ષરશ્રુત પ્રાપ્ત થયું છે' એમ કહેવાનો મતલબ જ એ થાય કે તેઓ બાદરનિગોદને વ્યવહારરાશિ-અંતર્ગત સમજતા નથી. અન્યથા અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવેલા બાદરનિગોદના જીવોને અક્ષરશ્રુત પ્રાપ્ત થયું ન હોવાથી, 'વ્યવહારરાશિ-ગત સર્વજીવો દ્વારા અક્ષરશ્રુત પ્રાપ્ત થયું છે' એવું તેઓએ ન કહ્યું હોત. બાદરનિગોદને અવ્યવહારરાશિ ગણીએ તો જ આ કથનની સંગતિ શક્ય છે.

પૂર્વપક્ષની આ બધી વિચારણાઓ સિદ્ધ કરી આપે છે કે બાદરનિગોદ વ્યવહારરાશિ-અંતર્ગત નથી, પણ અવ્યવહારરાશિ-અંતર્ગત છે. વસ્તુતઃ અત્રે પૂર્વપક્ષ દ્વારા ફક્ત બાદરનિગોદ જ નહિ, પણ એની સાથે સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ જીવો પણ અવ્યવહારરાશિ-અંતર્ગત ગણાવાયા છે. કેમ કે *યોગશાસ્ત્રવૃત્તિ* ના -

सर्वे जीवा व्यवहार्यव्यवहारितया द्विधाः । सूक्ष्मनिगोदा एवाऽन्त्यास्तेभ्योऽन्ये व्यवहारिणः ।।

જેવા પાઠો દ્વારા સૂક્ષ્મનિગોદને જ અવ્યવહારરાશિ ગણવાનું સ્પષ્ટ વિધાન છે. તેથી તેવા પાઠોનો બાદરનિગોદને પણ અવ્યવહારરાશિ-અંતર્ગત ગણતા પૂર્વપક્ષ સાથે સ્પષ્ટ વિરોધ આવે છે. આના નિરાકરણ માટે પૂર્વપક્ષી અત્રે सूक्ष्माश्च ते निगोदाश्च એમ કર્મધારય સમાસ કરવાને બદલે सूक्ष्माश्च निगोदाश्च એમ દ્વન્દ્વ સમાસ કરવાનું સૂચવે છે. અને એવા સમાસવિગ્રહના બળે સઘળા સૂક્ષ્મ જીવો અને સૂક્ષ્મ-બાદર બન્ને નિગોદ – આ તમામ જીવોને અવ્યવહારરાશિ-અંતર્ગત જ ગણાવે છે. આ સ્થાપનાના પ્રતિવિધાનમાં *ઉપાધ્યાયજી મહારાજે* કરેલી રજૂઆત સમજવા યોગ્ય છે.

**<u>બાદરનિગોદ વ્યવહારરાશિ-અંતર્ગત છે - ઉત્તરપક્ષ</u>**

બાદરનિગોદને વ્યવહારરાશિ-અંતર્ગત પ્રતિપાદિત કરતાં *ઉપાધ્યાયજી ભગવંતે* પૂર્વપક્ષે રજૂ કરેલ શાસ્ત્રપાઠોનું તાત્પર્ય અને તેમના તર્કોમાં રહેલી સ્ખલનાઓ સ્પષ્ટ કરી આપી છે. તેઓએ જણાવ્યું છે કે *પ્રજ્ઞાપનાવૃત્તિ, સંગ્રહણીવૃત્તિ* જેવાં સ્થળોએ નિગોદનો અર્થ સૂક્ષ્મનિગોદ જ કરવાનો છે, સૂક્ષ્મ-બાદર બન્ને નિગોદ નહીં. કેમ કે જૈન પરિભાષા મુજબ અવ્યવહારરાશિ તરીકે પરિગણિત નિગોદનો અર્થ અનાદિવનસ્પતિ જ થાય છે. અને અનાદિવનસ્પતિ શબ્દ સૂક્ષ્મનિગોદ માટે જ વપરાય છે, બાદરનિગોદ માટે નહીં. *પ્રજ્ઞાપનાવૃત્તિ* ના ઉપર નોંધેલા પાઠમાં પણ આગળ જતાં અનાદિવનસ્પતિને જ અવ્યવહારરાશિ તરીકે ઓળખાવી છે. અનેક શાસ્ત્રપાઠો પણ આ જ વાતનું સમર્થન કરે છે. જેમ કે *સમયસારસૂત્ર* ની વૃત્તિમાં આમ જણાવાયું છે –

तेरसविहा जीवा । जहा एगे सुहुमणिगोअरूवे असंववहारभेए । बारस संववहारिआ । ते अ इमे – पुढवी-आउ-तेउ-वाउ-णिगोआ, सुहुम-बायरत्तेण दु-दु भेआ, पत्तेअवणस्सई तसा य ।।

આમાં સ્ફુટપણે એક અનાદિ સૂક્ષ્મ નિગોદને જ અવ્યવહારરાશિ-અંતર્ગત જણાવી છે. એ જ રીતે *લઘૂપમિત-ભવપ્રપંચકથા (-શ્રીચંદ્રસૂરિશિષ્ય-દેવેંદ્રસૂરિ), વૃદ્ધોપમિતભવપ્રપંચકથા (-શ્રીસિદ્ધર્ષિ ગણિ), ભવભાવનાવૃત્તિ (-મલધારી શ્રીહેમચંદ્રસૂરિજી), શ્રાવકદિનકૃત્યવૃત્તિ (-તપગચ્છપતિ શ્રીદેવેંદ્રસૂરિ), પુષ્પમાલા-બૃહદ્વૃત્તિ, પુષ્પમાલા-લઘુવૃત્તિ (-મલધારી શ્રીહેમચંદ્રસૂરિજી), ધર્મરત્નપ્રકરણવૃત્તિ (-પિપ્પલકગચ્છીય શ્રીશાંતિસૂરિજી), પ્રવચનસારોદ્ધારવૃત્તિ (-શ્રીનેમિચંદ્રસૂરિજી),* સંસ્કૃતનવતત્ત્વ જેવાં અનેક સ્થળે સૂક્ષ્મનિગોદાત્મક અનાદિવનસ્પતિને જ અવ્યવહારરાશિ-અંતર્ગત ગણી છે. માટે બાદરનિગોદને વ્યવહારરાશિ-અંતર્ગત જ સમજવી જોઈએ.

વળી, પૂર્વપક્ષે सिज्झंति जत्तिआ किर એ ગાથાના બળે વ્યવહારરાશિને સિદ્ધરાશિ કરતાં અનંતમા ભાગ જેટલી સાબિત કરી આપીને, બાદરનિગોદને વ્યવહારરાશિ-અંતર્ગત ગણવામાં, સિદ્ધરાશિ બાદરનિગોદથી અનંતગુણ સિદ્ધ થવાની તેમ જ સૂક્ષ્મનિગોદ બાદરનિગોદથી અનંતગુણ સિદ્ધ થવાની જે આપત્તિ દર્શાવી છે તે પણ બરાબર નથી. કેમ કે सिज्झंति जत्तिआ किर એ પાઠના આધારે સિદ્ધિગમનના કારણને લીધે અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં પ્રવેશેલા જીવો કરતાં સિદ્ધના જીવોનું અનંતગુણત્વ સિદ્ધ થવા છતાં, વ્યવહારરાશિસામાન્યની અપેક્ષાએ તો સિદ્ધરાશિનું અનંતગુણત્વ સિદ્ધ નથી જ થતું. અર્થાત્ સિદ્ધિગમનના કારણને લીધે અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં પ્રવેશેલા જીવો એક નિગોદના અનંતમા ભાગ જેટલા જ હોવા છતાં, વ્યવહારરાશિસામાન્ય તો અસંખ્યનિગોદ પ્રમાણ હોવાથી, એ વ્યવહારરાશિના ઘણા મોટા ભાગરૂપ બાદરનિગોદ સિદ્ધરાશિ કરતાં અનંતગુણ બને અને બાદરનિગોદ કરતાં સૂક્ષ્મનિગોદ (અનાદિવનસ્પતિરૂપ અવ્યવહારરાશિ-અંતર્ગત તેમ જ વ્યવહારરાશિ-અંતર્ગત) અસંખ્યગુણ બને તેમાં શાસ્ત્રવિરોધની આપત્તિ નથી આવતી.

*

*ઉપાધ્યાયજી ભગવંતે ધર્મપરીક્ષા* અંતર્ગત કરેલી આ ચર્ચાનો સાર અત્રે આપ્યો છે. આ ચર્ચાના આધારે ફક્ત અનાદિ સૂક્ષ્મનિગોદ જ અવ્યવહારરાશિ ગણાય છે, અને તે સિવાયના સાદિ સૂક્ષ્મનિગોદ, બાદરનિગોદ અને તમામ સૂક્ષ્મ-બાદર પ્રત્યેક જીવો વ્યવહારરાશિ-અંતર્ગત થાય છે તે પ્રમાણિત થાય છે. પરંતુ આ સમાધાનમાં, સિદ્ધિગમનના કારણને લીધે અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં પ્રવેશેલા જીવો કરતાં, 'વ્યવહારરાશિસામાન્ય'ના જીવો (સિદ્ધિગમનના કારણ વગર જ અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં પ્રવેશેલા જીવો) અનંતગુણ જણાવ્યા છે. (કેમ કે તો જ સિદ્ધરાશિ કરતાં વ્યવહારરાશિ અનંતગુણ થાય.) આ 'વ્યવહારરાશિસામાન્ય' એટલે શું સમજવું તે પ્રશ્ન ઊભો થાય છે.

પ્રશ્નનું સમાધાન શોધતાં જે વાતો પ્રાપ્ત થઈ તે અહીં નોંધીશ –

૧. *સેનપ્રશ્ન*, ઉલ્લાસ-૨, પ્રશ્ન-૨૧૦ માં *શ્રીવિજયસેનસૂરિજી* મહારાજે જણાવ્યું છે કે सिज्झंति जत्तिआ किर इत्यादिगाथार्थोऽपि <u>व्यवहारराशेस्तत्तद्ग्रन्थानुसारेणाऽनादितया प्रतिभासात्</u> तदनुरोधेन भावनीयः ।। આનો મતલબ એ થાય કે સિદ્ધિગમનરૂપ કારણની અપેક્ષાએ જ કોઈપણ જીવ અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવી શકે એ નિયમ

ફક્ત સાદિ વ્યવહારરાશિમાં જ લાગુ પડે છે. એ સિવાય સિદ્ધરાશિ કરતાં અનંતગુણ જીવોવાળી અનાદિ બાદરનિગોદસ્વરૂપ અનાદિ વ્યવહારરાશિ પણ છે જ કે જેમાં જીવો સિદ્ધિગમનરૂપ કારણની અપેક્ષાએ અવ્યવહારરાશિમાંથી બહાર નથી આવ્યા, પણ અનાદિકાળથી વ્યવહારરાશિમાં જ છે. ઉપર *ઉપાધ્યાયજી ભગવંતે* જે વ્યવહારરાશિસામાન્ય અંગે જણાવ્યું છે તે આ અનાદિ વ્યવહારરાશિને અનુલક્ષીને હોઇ શકે.

આ સમાધાન સ્વીકારીએ તો, 'બાદરનિગોદ સિદ્ધરાશિ કરતાં અનંતગુણ અને સૂક્ષ્મનિગોદ કરતાં અસંખ્યાતમા ભાગે છે' તેમ જ 'બાદરનિગોદ વ્યવહારરાશિ-અંતર્ગત છે' એવી પ્રરૂપણાઓ સંગત થઇ જાય છે. જો કે તે પછી પણ બે સમસ્યાઓ તો ઊભી જ રહે છે –

૧. 'અનાદિવનસ્પતિ સૂક્ષ્મનિગોદરૂપ જ હોય, બાદરનિગોદરૂપ ન હોઇ શકે' એવી *ઉપાધ્યાયજી ભગવંતે* કરેલી પ્રરૂપણા અને તેના સમર્થનમાં તેઓએ દર્શાવેલા અનેક શાસ્ત્રપાઠ સાથે અનાદિ બાદરનિગોદસ્વરૂપ અનાદિ વ્યવહારરાશિની વાતનો વિરોધ આવે છે.

૨. 'અવ્યવહારરાશિગત જીવોમાં મૂળભૂતરૂપે તારતમ્ય ન હોવા છતાં, તથાભવ્યત્વનો પરિપાક થવાથી અને તેવા પ્રકારના કર્મસંયોગોનું વિઘટન થવાથી જન્મતી વિચિત્ર આત્મપરિણતિના બળે અમુક જ જીવો અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવી શકે છે' તેવી અનેક સ્થળોએ થયેલી પ્રરૂપણાઓ સાથે પણ આ તબક્કે વિરોધ ઊભો થાય છે. કેમ કે વ્યવહારરાશિને અનાદિ માનવામાં તેમાં રહેલા જીવોમાં તથાભવ્યત્વનો પરિપાક, તેવા પ્રકારના કર્મસંયોગોનું વિઘટન, વિચિત્ર આત્મપરિણતિ – આ બધું પણ અનાદિ માનવું પડશે. અને એટલું જ નહિ, અનાદિ વ્યવહારરાશિ-અંતર્ગત જીવોમાં, અનાદિ અવ્યવહારરાશિમાં રહેલા જીવોની અપેક્ષાએ અનાદિ પારિણામિક ભાવસ્વરૂપ કોઇક વૈશિષ્ટ્ય પણ સ્વીકારવું પડશે કે સંભવિત નથી.

એટલે *ઉપાધ્યાયજી ભગવંતે* દર્શાવેલ વ્યવહારરાશિસામાન્ય અંગે વિચાર કરતાં એવું સૂઝે છે કે કોઇપણ જીવ અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં પ્રવેશ પામે તેમાં તથાભવ્યત્વનો પરિપાક, તેવા પ્રકારના કર્મસંયોગોનું વિઘટન અને તેના લીધે જન્મતી વિચિત્ર આત્મપરિણતિ જ મુખ્ય કારણભૂત હોય છે. કોઇક જીવનું સિદ્ધિગમન કોઇક અન્ય જીવના તથાભવ્યત્વના પરિપાકમાં નિમિત્તભૂત અવશ્ય બનતું હોય છે, પણ જીવને અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં લઇ આવવા માટે તે કંઇ મુખ્ય કારણ નથી કે એના વગર કોઇપણ જીવ અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં પ્રવેશ ન જ મેળવી શકે. *ઉપમિતભવપ્રપંચાકથા* જેવા ગ્રંથોમાં જીવદ્રવ્યની ઉત્ક્રાંતિની જે કથા આલેખાઇ છે તેમાં પ્રાયઃ ક્યાંય જીવને અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં પ્રવેશ મેળવવા માટે અન્ય જીવના સિદ્ધિગમનરૂપ કારણની અપેક્ષા દેખાડવામાં નથી આવી. જુઓ –

तेण य कम्मपोग्गलसंजोअणाणुभावेणं वसंति सव्वे वि पाणिणो पुव्विं ताव अणंताणंतपोग्गलपरिअट्टे अणाइवणस्सइणिगोएसु,...जहुत्तरकालं तेसु वसिऊण कहमवि तहाभव्वत्तभविअव्वयाणिओगेणं किंपि तहाविहडिअकम्मपोग्गलसंजोगा तेहिंतो णिग्गंतुमुववज्जंति केइ साहारणवणस्सइसु अल्लय-सूरण-गज्जर-वज्जकंदाइरूवेण ।। *(ભવભાવના-વૃત્તિ)*

इतोऽनन्तकालात् परतो भवान् किल चारित्रसैन्यसहायो भूत्वा मोहारिबलक्षयं करिष्यतीति कर्मपरिणामेनाऽसंव्यवहारपुरान्निष्काश्य समानीतो व्यवहारनिगोदेषु ।। *(ભવભાવના-વૃત્તિ)*

एवं च तथाविधभव्यजन्तुरप्यनन्तकालमव्यवहारराशौ स्थित्वा कर्मपरिणामनृपादेशात् तथाविध-भवितव्यतानियोगेन व्यवहारराशिप्रवेशतः...।। *(શ્રાવકદિનકૃત્યસૂત્ર-વૃત્તિ)*

*બૃહત્ ઉપમિતભવપ્રપંચાકથા* અને *લઘુ ઉપમિતભવપ્રપંચાકથા* માં પણ તથાભવ્યત્વનો પરિપાક અને તેવા પ્રકારના કર્મસંયોગોના વિઘટનને લીધે જ જીવોનું અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં ગમન દેખાડાયું છે.

આ બધા પર વિચાર કરતાં એમ સમજાય છે કે <u>सिज्झंति जत्तिआ किर એ ગાથાના આધારે 'જેટલા જીવો વ્યવહારરાશિમાંથી સિદ્ધિગતિમાં જાય તેટલા નવા જીવો અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં અવશ્ય આવે' એવું નિયમન સમજી શકાય. પણ 'જેટલા જીવો વ્યવહારરાશિમાંથી સિદ્ધિગતિમાં જાય તેટલા જ નવા જીવો અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવે' એવું નિયમન કરી શકાય નહિ.</u> કેમ કે કોઇક જીવનું સિદ્ધિગમન કોઇક જીવને અવ્યવહારરાશિમાંથી બહાર નીકળવામાં નિમિત્તભૂત કારણ છે, મુખ્ય કારણ નથી. મુખ્ય કારણ તો ઉપરના પાઠોમાં જોયું તેમ તથાભવ્યત્વનો પરિપાક અને તેવા પ્રકારના કર્મસંયોગોના વિઘટનને લીધે ઉત્પન્ન થતી વિચિત્ર આત્મપરિણતિ જ છે. *ઉપાધ્યાયજી ભગવંત* સિદ્ધિગમન સાથે સંકળાયેલી વ્યવહારરાશિ કરતાં વ્યવહારરાશિસામાન્યને અનંતગુણ જણાવે છે ત્યારે તેઓ આ જ બાબત સ્પષ્ટ કરતાં હોય

તેમ સમજાય છે, કેમ કે પૂર્વે જોયું તેમ, વ્યવહારરાશિને કે બાદરનિગોદને અનાદિ ગણવાનું તો તેઓને ઈષ્ટ નથી જ. અને જો વ્યવહારરાશિને કે બાદરનિગોદને અનાદિ ન ગણીએ તો વ્યવહારરાશિસામાન્ય અંગે આપણી પાસે ઉપર જણાવ્યો તે એક જ ખુલાસો બાકી રહે છે.

અલબત્ત, વ્યવહારરાશિસામાન્યને અનાદિ વ્યવહારરાશિરૂપ ગણીએ કે સિદ્ધિગમનરૂપ કારણની અપેક્ષા વગર સર્જાયેલી સાદિ વ્યવહારરાશિરૂપ ગણીએ – ઉભયથા બાદરનિગોદ સિદ્ધરાશિ કરતાં અનંતગુણ અને સૂક્ષ્મનિગોદ બાદરનિગોદ કરતાં અસંખ્યગુણ સિદ્ધ થાય જ છે તેમ જ બાદરનિગોદને અવ્યવહારરાશિ-અંતર્ગત ગણવાની પણ જરૂર નથી જ રહેતી. એટલે બાદરનિગોદને અને તમામ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોને અવ્યવહારરાશિ-અંતર્ગત ગણનારો પૂર્વપક્ષ યોગ્ય રીતે જ નિરસ્ત થઈ જાય છે. – **ત્રૈ.મં.**

* * *

## 'અગુરુલઘુ' શબ્દના અર્થ (એક ચિન્તન)

'અગુરુલઘુ' શબ્દના અર્થ અંગે થોડીક વિચારણા જરૂરી છે. 'અગુરુલઘુ' શબ્દ જૈન શાસ્ત્રોમાં સામાન્ય રીતે ચાર અર્થમાં પ્રયોજાય છે. ૧. જે બાદરસ્કંધો તથાસ્વભાવે જ કાયમ સ્થિર રહેતા હોય છે, પણ ઊર્ધ્વ, અધો કે તિર્યક્ ગતિ કરતા નથી, અથવા તો જેમની ગતિ ત્રણે તરફની થઈ શકે છે, તેવા બાદરસ્કંધો વ્યવહારનયની અપેક્ષાએ 'અગુરુલઘુ' ગણાય છે. જેમ કે વૈમાનિક દેવોનાં વિમાનો, સિદ્ધશિલા વગેરે. ૨. સૂક્ષ્મ પરિણામે પરિણત સઘળું પુદ્ગલદ્રવ્ય વ્યવહારનય અને નિશ્ચયનય – બન્નેની અપેક્ષાએ 'અગુરુલઘુ' ગણાય છે. જેમ કે પરમાણુ, સૂક્ષ્મપરિણામી અનંતપ્રદેશિક સ્કંધ વગેરે. ૩. ગોત્રકર્મનો સર્વથા ક્ષય થવાથી સિદ્ધભગવંતોમાં જે ગુણ પ્રકટ થાય છે, તે પણ 'અગુરુલઘુ' કહેવાય છે. આ ગુણને લીધે સર્વ સિદ્ધભગવંતોનાં આત્મદ્રવ્યો એકસમાન જ ગણાય છે. એમાં કોઈ પણ અપેક્ષાએ ઉચ્ચતા-નીચતાનો વ્યવહાર સંભવતો નથી. ૪. નામકર્મની પ્રત્યેક પ્રકૃતિઓમાં એક પ્રકૃતિનું નામ પણ 'અગુરુલઘુનામકર્મ' છે. આ કર્મપ્રકૃતિના ઉદયથી જીવોને, શરીરોમાં પરસ્પર ઘણું જ તારતમ્ય હોવા છતાં, પોતાનું શરીર વધારે પડતું ભારે કે વધારે પડતું હળવું નથી લાગતું. પણ પોતે વહન કરી શકે એવું જ એને અનુભવાય છે. – **ત્રૈ.મં.**

* * *

## પ્રભુવીરનું નિર્વાણનક્ષત્ર : સ્વાતિ કે ઉત્તરાફાલ્ગુની? (સ્વાધ્યાય કરતાં કરતાં)

શ્રીકલ્પસૂત્રમાં પ્રારંભમાં જ આવતા साइणा परिनिव्वुडे भयवं એ પાઠ ઉપરથી સ્વાતિ નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ આવ્યો ત્યારે શ્રીવીરપ્રભુનું નિર્વાણ થયું એ સિદ્ધ છે. પરંતુ, *શ્રીજ્ઞાનવિમલસૂરિ* રચિત દીવાળીના દેવવંદનમાં મહાવીરસ્વામીના સ્તવનમાં ૭ મી ગાથા નીચે મુજબ આવે છે –

"ઉત્તરાફાલ્ગુની ચંદ્રમા, જોગે શુભ આવે; અજરામર પદ પામિયા, જયજયરવ થાવે."

આનો અર્થ તો એમ થાય કે શ્રીવીરપ્રભુ સ્વાતિ નક્ષત્રમાં નહિ, પણ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ આવ્યે છતે નિર્વાણ પામ્યા, જે વિસંગત થાય છે. તેથી અત્રે પૂર્વાર્ધ આમ કલ્પી શકાય - "સ્વાતિ નક્ષત્ર ચંદ્રમા, જોગે શુભ આવે" – **ત્રૈ.મં.**

* * *

# જિજ્ઞાસા-સમાધાન

**જિજ્ઞાસા -** શબ્દ બોલવાથી કે અન્ય કોઈ યોગ દ્વારા સૂક્ષ્મજીવોની વિરાધના થાય ખરી? કેમ કે *મહોપાધ્યાયજી* રચિત *ધર્મપરીક્ષા* ગ્રંથમાં આમ જણાવાયું છે - "इदमनन्तरोक्तं सर्वलोकपूरणात्मकमारम्भं सदोषं – सूक्ष्मजीवविराधनया सावद्यम् ।।" (દિવ્યદર્શન ટ્રસ્ટ તરફથી પ્રકાશિત પુસ્તકમાં પૃષ્ઠ ૧૪૮) – **મુનિ શ્રીજ્ઞાનરુચિવિજયજી** (શ્રીૐકારસૂરિજી-સમુદાય)

*

**જિજ્ઞાસા -** *શ્રીકલ્પસૂત્ર* માં સૂત્ર – ૨૭-૨૮ માં "तए णं से हरिणेगमेसी पायत्ताणीआहिवई देवे ... संखिज्जाइं जोयणाइं दंडं निसिरइ... अहासुहुमे पुग्गले परिआएइ । परिआइत्ता दुच्चं पि वेउव्विअसमुग्घाएणं समोहणइ ।।..."

આ પાઠમાં હરિણૈગમેષી દેવ ઇંદ્રની આજ્ઞાથી ગર્ભપરાવર્તન કરવા માટે જાય છે ત્યારે બે વખત વૈક્રિયસમુદ્ઘાત કરે છે તેમ જણાવ્યું છે. તો શું પહેલી વખતમાં વૈક્રિય શરીર વિકુર્વી શકાતું નથી ? કે પછી અહીં વિશેષ પ્રક્રિયા કરવાની હોવાથી બે વાર સમુદ્ઘાત કરે છે ? (**શ્રુતસંવિભાગ** - ૪ )

**સમાધાન** – આ અંગે *લોકપ્રકાશ* માં સમુદ્ઘાતપ્રકરણમાં નીચે મુજબ પાઠ છે –

वैकुर्विकसमुद्घातं प्राप्तो वैक्रियशक्तिमान् । कर्मावृतानामात्मीयप्रदेशानां तनोर्बहिः ।।
निसृज्य दण्डं विष्कम्भबाहल्याभ्यां तनुप्रमम् । आयामतस्तु सङ्ख्यातयोजनप्रमितं ततः ।।
वैक्रियाङ्गाभिधनामकर्मांशान् पूर्वमर्जितान् । शातयन् वैक्रियाङ्गार्हान् स्कन्धांल्लात्वा करोति तान् ।।

આવા પાઠોના આધારે એમ જણાય છે કે વૈક્રિયશરીર બનાવવા માટે સામાન્ય સંજોગોમાં એક જ વાર વૈક્રિયસમુદ્ઘાત પર્યાપ્ત છે. પણ જ્યારે ચોક્કસ પ્રકારના જ વૈક્રિયપુદ્ગલોનું અતિવિશિષ્ટ વૈક્રિયશરીર બનાવવું હોય ત્યારે, *શ્રીકલ્પસૂત્ર* માં વર્ણવાયેલી પ્રક્રિયા મુજબ, પહેલી વારના વૈક્રિયસમુદ્ઘાતથી ગૃહીત પુદ્ગલોમાંથી સીધું જ વૈક્રિયશરીર નહી બનાવી શકાતું હોય. પણ એ પુદ્ગલોમાંથી છટણી કરીને ચોક્કસ પુદ્ગલોમાંથી જ વૈક્રિયશરીર બનાવવા બીજી વાર વૈક્રિયસમુદ્ઘાત કરવો પડતો હશે. **– ત્રૈ.મં.**

* * *

# શુધ્દ્રિ-વૃધ્દ્રિ

**શ્રુતસંવિભાગ – ૧** માં રજૂ થયેલી 'આ સમગ્ર લોકમાં અનંતાનંત છૂટા પરમાણુઓ પથરાયેલા છે. આ છૂટા પરમાણુઓની કુલ સંખ્યા સકલ પુદ્ગલાસ્તિકાયના અનંતમા ભાગે છે કે અસંખ્યાતમા ભાગે ?' એવી જિજ્ઞાસાના સમાધાનમાં **શ્રુતસંવિભાગ – ૨** માં *મુનિ શીલચન્દ્રવિજયજી* એ (ડહેલાવાળા-સમુદાય) પં. *શ્રીચન્દ્રકાન્તભાઈ* ના જણાવ્યા મુજબ એમ જણાવેલું કે 'સમગ્ર લોકમાં છૂટા પથરાયેલા પરમાણુઓ પુદ્ગલાસ્તિકાયના અનંતમા ભાગે છે, અસંખ્યાતમા ભાગે નહીં. *પંચમ કર્મગ્રંથ* – ગાથા ૭૫ ની ટીકામાં આ પરમાણુઓ અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગે કહ્યા છે. જેમ નિગોદના એક શરીરમાં રહેલા જીવો જીવાસ્તિકાયના અનંતમા ભાગે છે, તેમ અહીં પણ પુદ્ગલાસ્તિકાયના અનંતમા ભાગે પરમાણુઓ છે, અસંખ્યાતમા ભાગે નહીં'. પણ હમણાં નવ્યકર્મગ્રંથવૃત્તિનું પુસ્તક હાથમાં આવતા તેમાં મૂળ પાઠ જોયો તો જુદું જ જણાયું. ત્યાં મૂળ પાઠ આમ છે –

एकाणुक-द्व्यणुकादयः...किमवसानाः? जा अभवणंत...। अयमर्थः - एकाणुक-द्व्यणुकादयः स्कन्धा एकैकपरमाणुवृद्ध्या तावन्नेया यावदभव्येभ्योऽनन्तगुणैः सिद्धानन्तभागवर्तिभिः परमाणुभिर्निष्पन्नास्ते स्कन्धा एवम्भूताः । किमित्याह...

આમ આનો અર્થ એટલો જ છે કે ઔદારિકગ્રાહ્ય વર્ગણાઓથી પહેલાની વર્ગણાઓમાં જે ઉત્કૃષ્ટ વર્ગણા છે તેમાં એક એક સ્કંધમાં અભવ્યોથી અનંતગુણ અને સિદ્ધોથી અનંતમા ભાગે પરમાણુઓ હોય છે. એટલે આ પાઠમાં છૂટા પરમાણુઓની સંખ્યા અંગે કોઈ સંદર્ભ જડતો નથી. **– ત્રૈ.મં.**

# પત્રચર્ચા

**श्रुतसंविभाग – ૪** માં પત્રચર્ચા-વિભાગમાં **મુનિ શ્રીસંસ્કારયશવિજયજી** દ્વારા બે અલગ-અલગ પત્રોમાં મુખ્યત્વે મારી વિચારણાઓને લગતી પુનર્વિચારણાઓ રજૂ થઇ છે. આ પુનર્વિચારણાઓમાં જે આશંકાઓ રજૂ થઇ છે તેમનું સમાધાન આપવાનો અત્રે પ્રયાસ કર્યો છે. આ સમાધાન વાંચતી વખતે સંદર્ભોના ખ્યાલ માટે મૂળ વિચારણાઓ અને પુનર્વિચારણાઓ સામે રખાય તે આવશ્યક છે.

(પત્ર-૧ સંદર્ભે) **મુનિ શ્રીસંસ્કારયશવિજયજી** જણાવે છે કે "સંપાદકે કરેલ ટિપ્પણમાં વિવેચન બંધવિષયક અને એના હેતુઓ વિષેનું કર્યું છે. જે પ્રસ્તુત ચર્ચામાં અપ્રસ્તુત છે. કારણ કે પ્રસ્તુત ચર્ચા બંધની નથી. કિંતુ, નિરનુબંધ કર્મ અને તેના હેતુભૂત ભાવોની છે. "વાસ્તવમાં..." એમ જે સંપાદકની કલમે લખાયું છે એ અસંગત બને છે. કારણ કે બન્નેના પ્રયોજક ભાવો ભિન્ન ભિન્ન હોવાથી, એક જ ભાવોના સદ્‌ભાવને બંધમાં અને એ જ ભાવોના અભાવને નિરનુબંધ બંધમાં કારણ ન ગણાય.

વળી, આમ પ્રતિપાદન કરવાથી તો, મિથ્યાત્વાદિ પાંચ હેતુઓ અને તેના ઉત્તરભેદોમાં કોઈને કોઈની ઉપસ્થિતિ છેક ૧૩મા ગુણસ્થાન સુધી હોવાથી, કોઈપણ કર્મોનો નિરનુબંધ બંધ જ નહીં મળે. આપત્તિ આવશે.

જેમ કર્મોનો ઉદય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ સાપેક્ષ છે એમ જણાવ્યું છે તેમ આ દ્રવ્યાદિ પાંચે કર્મના ઉદયાદિને પણ સાપેક્ષ છે માટે આ વાતમાં કેઇ એકમત નથી. *જીવાભિગમ*-આદિ ગ્રંથોમાં દ્રવ્યાદિને કર્મોના ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ સાપેક્ષ પણ કહ્યા છે..."

આ અંગે જણાવવાનું કે નિરનુબંધ કર્મોને અંગે જિજ્ઞાસુ મુનિવર દ્વારા પૂછાયેલો પ્રશ્ન જે તે કર્મવિશેષને અનુલક્ષીને હતો, સઘળાં કર્મોને નહિ. કેમ કે સઘળાં કર્મોને અનુલક્ષીને ચરમબંધ તો ૧૩મા ગુણઠાણાને અંતે થાય તે તો પ્રસિદ્ધ જ છે. પણ તે તે કર્મવિશેષનો ચરમબંધ – નિરનુબંધ બંધ ક્યારે થાય – કેવા ભાવોમાં થાય તે વિશે તેમનો પ્રશ્ન હતો એમ પ્રશ્નના આધારે સમજાય છે. અને તેથી જ તેના જવાબમાં તે તે કર્મવિશેષના બંધ અને તેના હેતુઓ વિષયક વિવેચન અપ્રસ્તુત ન જ ગણાય.

વળી, જો કર્મવિશેષના બંધમાં કારણભૂત ભાવોનો સદ્‌ભાવ તે તે કર્મવિશેષનો બંધ કરાવે. તો તેમનો અસદ્‌ભાવ તે તે કર્મવિશેષનો બંધ ન થવા દે એ તદ્દન સાદી સમજણની વાત છે. એટલે તે તે કર્મવિશેષનો બંધ કરાવનાર ભાવોનો અભાવ થાય તે પૂર્વેનો તે તે કર્મવિશેષનો ચરમબંધ નિરનુબંધ બંધ ગણાય એમાં કઈ આપત્તિ આવે?

બીજી વાત, उदयक्खय... આ ગાથાનો અર્થ લગભગ બધી જ જગ્યાએ 'કર્મના ઉદયાદિ દ્રવ્યાદિને સાપેક્ષ છે' એવો જ કરવામાં આવે છે. આ ગાથાનું 'દ્રવ્યાદિ પાંચે કર્મના ઉદયાદિને સાપેક્ષ છે' એવું તાત્પર્ય વાંચવા પણ નથી મળતું. અને આવું તાત્પર્ય આ ગાથાનું હોઈ શકે એ સમજવું પણ મુશ્કેલ છે. મુનિવર આ તાત્પર્યનું આધારસ્થાન જણાવશે તો આનંદ થશે. **– त्रै.मं.**

(પત્ર – ૨ સંદર્ભે) **મુનિ શ્રીસંસ્કારયશવિજયજી** જણાવે છે કે "ઉપમિત અને ઉપમિતિ એમ બન્ને શબ્દો જૈન ગ્રંથોમાં પ્રયુક્ત થયેલા જોવા મળે છે. પરંતુ, સમાસસૌકર્ય અંગે વિચારીએ તો **उपमितभवप्रपञ्चाकथा** આવો પ્રયોગ કરતાં એનો સમાસવિગ્રહ આ રીતે કરવાનો થાય – १. उपमितश्चाऽसौ भवश्चेति उपमितभवः २. तस्य यः प्रपञ्च इति उपमितभवप्रपञ्चः ३. तस्य या कथा इति उपमितभवप्रपञ्चाकथा આ રીતે અહીં અર્થપ્રતિપત્તિ માટે ત્રિવિધ વિગ્રહ અને સમાસનું આલંબન લેવું પડે. અને જો ઉપમિત પદનો પણ વિગ્રહ કરીએ તો અવ્યયીભાવ ચોથો સમાસ ઉમેરાતાં ચતુર્વિધ સમાસગૌરવ થશે. અલગ-અલગ વિગ્રહ અને અલગ સમાસનું ગૌરવ.

જ્યારે, **उपमितिभवप्रपञ्चाकथा** એમાં મેં પૂર્વે જણાવ્યા મુજબ એક જ વિગ્રહ અને એકમાત્ર વ્યધિકરણ બહુવ્રીહિ સમાસ જ થાય. આમ ચતુર્વિધ સમાસની અપેક્ષાએ એક જ સમાસનું લાઘવ અહીં મળે છે. "માટે સમાસ સારી રીતે છૂટી શકે" એ વાત આ સંદર્ભમાં નથી બેસતી."

આ વાત ઘણી રીતે વિચારણીય જણાય છે. એક તો, **श्रुतसंविभाग - १** માં उपमितभवप्रपञ्चा એ નામનો उपमितो भवप्रपञ्चो यस्यां सा उपमितभवप्रपञ्चा कथा એવો જે સમાસવિગ્રહ જણાવાયો છે તેમાં उपमितश्चाऽसौ भवश्चेति उपमितभवः અને तस्य यः प्रपञ्च इति उपमितभवप्रपञ्चः એવા વિગ્રહ દર્શાવાયા જ નથી કે જેથી ઉપરોક્ત આપત્તિ આવે. ખરેખર તો भवस्य प्रपञ्चः भवप्रपञ्चः એમ भव નો प्रपञ्च સાથે સમાસ કરીને પછી એનો उपमित સાથે બહુવ્રીહિ સમાસ થાય છે. અને આ સમાસ પછી कथा સાથે જોડાય છે. આમ, મુનિશ્રી દર્શાવે છે તેવા ત્રિવિધ સમાસ અત્રે છે જ નહિ.

બીજી વાત, ઉપમિતિભવપ્રપઞ્ચા એ નામ લઈને उपमितिः भवप्रपञ्चस्य यस्यां (वर्ण्यते) सा उपमितिभवप्रपञ्चा कथा એવો મુનિશ્રી દેખાડે છે તેવો વિગ્રહ કરીએ તો તેમાં પણ भवस्य प्रपञ्चः भवप्रपञ्चः એમ ભવ નો પ્રપઞ્ચ સાથે સમાસ કરીને પછી જ એનો ઉપમિતિ સાથે બહુવ્રીહિ સમાસ થઈ શકશે. અને ત્યાર પછી જ એ સમાસ कथा સાથે જોડાશે. માટે 'ચતુર્વિધ સમાસની અપેક્ષાએ એક જ સમાસનું લાઘવ અહીં મળે છે' એ વાત બંધબેસતી નથી. એટલે ઉપમિતભવપ્રપઞ્ચા એ યથાર્થ નામ છે કે ઉપમિતિભવપ્રપઞ્ચા એના નિર્ણયમાં સમાસના લાઘવ-ગૌરવની ચર્ચા બહુ સહાયભૂત થઈ શકતી નથી.

વાસ્તવમાં અતિપ્રાચીન પ્રતિઓમાં મળતા ઉલ્લેખો અને *ઉપાધ્યાયજી ભગવંત* આદિ દ્વારા થયેલાં ઉદ્ધરણો પરથી આ ગ્રંથનું મૂળ નામ ઉપમિતભવપ્રપઞ્ચા હશે એ વાત સ્વયંસિદ્ધ છે. અને છતાં પરંપરાથી ઉપમિતિભવપ્રપઞ્ચા એ નામ પ્રયોજાતું આવ્યું છે એટલે એ નામનો ઉલ્લેખ કરીએ તો તેમાં કાંઈ ખોટું નથી.

વળી, **મુનિ શ્રીસંસ્કારયશવિજયજી** પત્રચર્ચામાં જણાવે છે કે "ઉપમિત અને ઉપમિતિ એ બન્ને શબ્દોની સમન્વયદૃષ્ટિથી વિચારણા કરીએ તો, उप ઉપસર્ગપૂર્વક मा ધાતુથી ભાવ અર્થમાં નિષ્ઠા પ્રત્યય क्त અને क्तिन् બન્ને થાય છે. માટે આ રીતે उपमितमिति उपमितिः અને उपमितिरिति उपमितं એમ બન્નેનું સમાનાર્થવાચકત્વ જ છે, જેથી બન્ને પદનો એક જ અર્થમાં પ્રયોગ થઈ શકે છે. દા.ત. साध्याभाववद्वृत्तं અથવા साध्याभाववद्वृत्ति બન્નેમાં ભાવવાચક પ્રત્યયનું સમાનપણું હોવાથી *મથુરાનાથે વ્યાપ્તિપંચક* પ્રથમલક્ષણ-નિરૂપણમાં वृत्तमिति वृत्तिः એવો વિગ્રહ કરી સમાનાર્થકતા દર્શાવી છે. એ જ રીતે ઉપમિત અને ઉપમિતિ પણ સમજી લેવાય. માટે બન્ને પ્રયોગો સમાનાર્થક છે અને સાધુ છે."

આના પર વિચાર કરીએ તો જણાય છે કે મુનિશ્રીએ ભૂતકૃદંતના क्त પ્રત્યય અને ભાવમાં જેનું વિધાન છે તે क्त પ્રત્યય વચ્ચેનો ભેદ ધ્યાનમાં લેવો જોઈએ. ભાવમાં જેનું વિધાન છે તે क्त પ્રત્યય ફક્ત નપુંસકલિંગમાં જ પ્રયોજાય છે. જેમ કે मयूरस्य नृत्तम्. આ પ્રત્યયાંત શબ્દને અન્યલિંગમાં પ્રયોજી શકાતો નથી. જ્યારે उपमितो भवप्रपञ्चो यस्यां सा उपमितभवप्रपञ्चा कथा માં ઉપમિત માં જે क्त પ્રત્યય છે તે વિશેષ્યનિઘ્ન હોવાથી ત્રણે લિંગમાં પ્રયોજી શકાય છે. તેથી 'उप ઉપસર્ગપૂર્વક मा ધાતુથી ભાવ અર્થમાં નિષ્ઠા પ્રત્યય क्त અને क्तिन् બન્ને થાય છે. માટે આ રીતે उपमितमिति उपमितिः અને उपमितिरिति उपमितं એમ બન્નેનું સમાનાર્થવાચકત્વ જ છે' એમ ઉપમિત ને ઉપમિતિ નો સમાનાર્થી ગણીને બન્ને વાતનો સમન્વય કરી શકાય નહિ. – **ત્રૈ.મં.**

* * *

## થોડુંક સૂચવવાની રજા લઉં?

આ પરિપત્રમાં પ્રગટ કરવા માટે લખાણ મોકલતાં પહેલાં ધ્યાનમાં રાખવા જેવી થોડીક વાતો –

૧. આપ બધા નવાં નવાં શાસ્ત્રોનું અધ્યયન કરતાં જ હો છો. તે દરમિયાન કોઈ નવી-અજાણી વાત જાણવા મળી તો એ મૂળપાઠ-અનુવાદ-વિવરણ સાથે લખી શકાય. સંશોધકદૃષ્ટિ રાખીને સ્વાધ્યાય કરતાં રહીએ તો એવી અનેક વાતો જાણવા મળે જ. (જો કે આવી વાત પ્રમાણમાં જાણીતી હોય અથવા અપ્રામાણિક કે અધૂરી હોય કે બહુ મહત્ત્વપૂર્ણ ન હોય તો તે પ્રગટ ન પણ કરી શકાય. અમે મોકલીએ તે બધું પ્રગટ થાય જ તેવો આગ્રહ ઈચ્છનીય નથી.)

૨. કોઈક જાણીતી વાત પણ બે-ત્રણ ગ્રંથોમાં આવતી હોય તો તેમાં પ્રરૂપણાભેદ, અપેક્ષાભેદ વગેરેનો તુલનાત્મક અભ્યાસ કરીને સરસ નોંધ પણ આપી શકાય.

૩. કોઈક ચોક્કસ પદાર્થ લઈને એ અંગે વિવિધ સંદર્ભો તપાસીને એનું સરળ ભાષામાં નિરૂપણ પણ કરી શકાય.

૪. સામાચારી, દાર્શનિક પદાર્થો, શાસ્ત્રીય પ્રરૂપણાઓ વગેરે અંગે અનુપ્રેક્ષા કરીને નવાં રહસ્યો પણ શોધી શકાય.

૫. સ્વાધ્યાયપોષક જિજ્ઞાસાઓ પણ લખી શકાય.

આ પરિપત્ર સૌનો સહિયારો પ્રયાસ છે એટલે મિત્ર મુનિવરોને ઉત્સાહપૂર્વક આમાં સક્રિય રસ લેવા અનુરોધ છે.

---

* **श्रुतसंविभाग** માં પ્રગટ થતી સામગ્રી વિચારણાત્મક સમજવી, નિર્ણયરૂપ નહીં. ચિંતન દ્વારા આ વિચારણાને આગળ વધારવા વિનંતિ.

* સંકલન : મુનિ ત્રૈલોક્યમંડનવિજય (શ્રીનેમિસૂરિજી-સમુદાય) સંપર્ક : c\o અતુલ એચ. કાપડિયા, A\9 જાગૃતિ ફ્લેટ્સ, મહાવીર ટાવર પાછળ, પાલડી, અમદાવાદ 380 007 મો. 99798 52135